# જિલ્લામાં ઉલ્લાસપૂર્વક પ્રવેશોત્સવનો પ્રારંભ





## પ્રવેશોત્સવ સાથે મીની ગુણોત્સવ હોવાથી અધિકારીઓ ટીમ સાથે શાળાઓમાં પહોંચ્યા

ગાંધીનગર, તા. ૮
આજથી આરંભાયેલ ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં અધિકારીઓ તેમની ટીમ સાથે જતાં ગ્રામ્ય વિસ્તારમાં સોંપો પડી જવા પામ્યો છે.

અધિકારીઓ શાળામાં પ્રવેશોત્સવની સાથે મીની ગુણોત્સવ પણ કરવાનો હોવાથી ૧ થી ૪ જેટલા અધિકારીઓની ટીમ સાથે ગયાનુ જાણવા મળેલ છે.

અધિકારીઓનો પ્રવેશોત્સવના કાર્યક્રમમાં મિનિટ ટુ મિનિટ અપાયેલી કાર્યસુચિ મુજબ જ જોતરવાની સૂચના છે. એક શાળામાં ૧૮ થી વધુ બાળકોને સમાવી લઈ અને મીની ગુણોત્સવ કરવાનો હોવાથી આ માટે માત્ર ૨૩ મિનિટ જેટલો જ સમય ફાળવવામાં આવ્યો છે. અધિકારીને દિવસની ૩ થી ૪ શાળાઓ આવરી લેવાની હોવાથી ૫૪ થી ૭૨ જેટલા બાળકોનું મૂલ્યાંકન કરવાનું થાય જે માટે ફાળવવામાં આવેલ સમયગાળો ઓછો પડે તે સ્વાભાવિક છે.



ગુણોત્સવનું પરિણામ જાહેર નથી થયુ અને એક વર્ષ પૂર્વે થયેલ ગુણોત્સવના પરિણામને આધારે શાળાઓની ફાળવણી અધિકારીઓને કરવામાં આવી હોવાથી મૂલ્યાંકનમાં પણ તેમને તકલીફો પડી રહી છે. મૂલ્યાંકન માટે બે ઉત્તમ, બે મધ્યમ અને બે નબળા બાળકો સાથે ઉત્તરવહીઓની કરેલી ચકાસણીનું પણ મૂલ્યાંકન કરવાની સૂચના સરકારે આપી છે.

પ્રવેશોત્સવમાં સ્ત્રી સશક્તિકરણ અને મેગા એજ્યુકેશન ફેર તેમજ મેલેરિયા નાબુદી અભિયાન અંગેની વાતો પણ પ્રવચનમાં વણી લેવાની સૂચના હોવાથી અધિકારીઓ ટુંકા પ્રવચનો કરતા નજરે પડ્યા હતા. બાળકોમાં શાળા પ્રત્યેનો લગાવ ઉભો થાય તેવી કોઈ બાબતનો સમાવેશ કાર્યક્રમમાં ન હોવાથી ગ્રામજનોમાં પણ કચવાટની લાગણી જોવા મળી રહી છે.

## ખોરજ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૮
ગાંધીનગર જિલ્લામાં આજથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના અનેરા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવે છે. શાળાએ ગામના દાતાઓ દ્વારા લંચબોક્ષ, પ્લાસ્ટિક થેલી, કંપાસ, નોટબુક, અને ચોપડા તથા બોલપેન



મહોત્સવનો આરંભ થયો છે. આજે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે ખોરજ ગામની આદર્શ પ્રાથમિક શાળામાં ધોરણ-૧ અને આંગણવાડીના બાળકોની પ્રવેશવિધિ સંપન્ન કરાવી હતી.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે રાજયની કન્યાઓ સહિત બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તેવા ઉમદા આશયથી સમગ્ર રાજયમાં શાળા બાળકોને માત્ર શિક્ષણ જ નથી આપતી, પરંતુ બાળકોના ઘડતર અને સંસ્કારોનું સિંચન કરવામાં પણ મહત્વની ભૂમિકા અદા કરે છે. આજે ગામમાં કન્યા કેળવણી અંગેની જાગૃતિ આવી છે, તે વાત પ્રવેશ પામતા વિદ્યાર્થીઓના આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે. તેવું કહી સમાજમાં કન્યાઓ શિક્ષિત થવાથી અને સ્વચ્છતા અંગેની જાગૃત્તિ આવવાથી સમાજને શું ફાયદો થશે, તેની દષ્ટાંત પુર્વક વાત કરી હતી.

મળી કુલ- રૂ. ૫૨૦૦નું દાન શાળામાં કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો દ્વારા બેટી બચાવો, પાણી બચાવો અને વૃક્ષારોપણ વિષય પર અમૃતવાચન કર્યું હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા શાળાના સંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ શ્રીમતી ભાવનાબેન પટેલ, શાળાના આચાર્ય અને ગામના વડીલો અને બાળકોના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## અડાલજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઓચિંતી મુલાકાતે કલેકટર સતીષ પટેલ

ગાંધીનગર, તા.૮
ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ આજ રોજ અડાલજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કન્યા પ્રાથમિક શાળા અને અડાલજ ગ્રામ પંચાયતની ઓંચિતી મુલાકાત લીધી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની



સ્વચ્છતાને લઈ કલેકટરશ્રી ભારે નારાજ થયા હતા. તેમજ કન્યા શાળામાં આજ રોજ આપવામાં આવેલ મધ્યાહન ભોજનનો પણ ટેસ્ટ કરીને તેની ગુણવત્તાની ચકાસણી કરી હતી. ગ્રામ પંચાયતમાં ગામના સંબંધિત પ્રશ્નોની રજૂઆત પણ સાંભળી હતી.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ અડાલજ ગામની કુમાર પ્રાથમિક શાળા અને શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલયની શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમમાં ગયા હતા. તેઓશ્રીએ કુમાર શાળામાં શાળા પ્રવેશોત્સવ વિધી સંપન્ન કરાવી હતી. ત્યાર બાદ નજીકમાં આવેલા અડાલજ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઓંચિત મુલાકાતે ગયા હતા. તેઓ પહેલા ઈમરજન્સી રૂમ, શૌચાલય, લેબોરેટરી અને એક્સ રે રૂમની મુલાકાત લીધી હતી. ત્યાં સ્વચ્છતા ખૂબ જ ઓછી દેખાતા કલેકટરશ્રીએ ત્યાં કામ કરતા કર્મચારી અને આરોગ્ય કેન્દ્રના ઈન્ચાર્જ ડાંકટર સમક્ષ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આરોગ્ય કેન્દ્રના હાજરી પત્રકની પણ ચકાસણી કરી હતી.

શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શાળાની દીવાલ અને હાઈવે વચ્ચેની જગ્યામાં પડેલા પ્લાસ્ટિક કચરાનો નિકાલ કરી ત્યાં સ્વચ્છતા માટે કચરો ઉઠાવવાનો આરંભ કલેકટરશ્રીએ જાતે જ કર્યો હતો. આ જોઈને શાળાના નિયામક શ્રી સ્મિતાબેન દવે, પૂર્વ સરપંચ શ્રી જયેશ પટેલ, ગામના ડેપ્યુટી સરપંચ શ્રી ઈશ્વરજી ઠાકોર, શાળાનો સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓ આપો આપ જોડાઈ ગયા હતા. થોડીક વારમાં પ્લાસ્ટિકના કચરાનો નિકાલ થઈ ગયો હતો.



## દશેલા પગાર કેન્દ્ર શાળાનો પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર તાલુકાના દશેલા ગામ ખાતે પગારકેન્દ્ર શાળામાં આજે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. શાળા પ્રવેશોત્સવ દરમિયાન પ્રા. શાળામાં નવા ૪૮ બાળકોને પ્રવેશ અપાયો હતો. જયારે આંગણવાડીમાં ૧૪ નવા બાળકોને પ્રવેશ અપાયો હતો. શાળા પ્રવેશોત્સવમાં મુખ્ય મહેમાન પદે જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણી તથા સીઆરસી કોઓર્ડિનેટર તેમજ દશેલા પગાર કેન્દ્ર શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને દિકરીને શિક્ષિત બનાવવા હાકલ કરી હતી. આ પ્રસંગે દશેલાના સરપંચ ઈલાબેન રાકેશભાઈ ઠાકોર તરફથી બાળકોને દફતરની ભેટ અપાઈ હતી. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુક કાળુસિંહ ઉપસ્થિત રહ્યા હતા. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં બાળકોએ યોગ નિદર્શન તથા બેટી બચાવો, અને વૃક્ષો બચાવો જેવા વિષયે વકતવ્યો રજૂ કર્યા હતા. કાર્યક્રમની સફળતા માટે શાળાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

## ...ને કલેકટર સતીષ પટેલ બાળકો સાથે યોગમાં જોડાયા

કોઈ પણ બાળકને તેની બાલ્યવસ્થામાં યોગ્ય માર્ગદર્શન, ઘડતર અને દિશાનું સૂચન કરવામાં આવે તો તે પોતે જ પોતાના જીવનની સુવર્ણ ભવિષ્યની કેડી આપો આપ કંડારી શકે છે, તેવું આજ રોજ અડાલજની શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય ખાતે યોજાયેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું હતું.

શાળાના ધોરણ-૯ના બાળકોની પ્રવેશવિધી સંપન્ન કરીને કલેકટર શ્રી સતીશ પટેલે બાળકોને પોતાના સર્વાંગી વિકાસ માટે શાળામાં અભ્યાસ સાથે યોજાતી તમામ પ્રવૃતિઓમાં ભાગ લેવા ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે લોખંડનું દષ્ટાંત આપીને કહ્યું હતું કે, લોખંડના નાના એક ટુકડાની કિંમત મામુલી છે, પણ તેના પર યોગ્ય પ્રોસેસ કરીને ઘડિયાળ કે ટાંકણી જેવી નાની વસ્તુ બનાવવામાં આવે છે, ત્યારે તેની કિંમત વધી જાય છે. તેમ તમે યોગ્ય શિક્ષણ મેળવી સારા અધિકારી, એન્જીનિયર કે બિઝનેસમેન બનશો તો તમારું સ્થાન પણ સમાજમાં બદલાઈ જશે.

કોઈ પણ કામને નાનું ન સમજવાનું કહી કલેકટર શ્રી સતીશ પટેલે બાળકોને પોતાના જીવનનો ધ્યેય નક્કી કરી તેને પામવા સખત પરિશ્રમ કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. કલેકટર શાળાના બાળકો દ્વારા કરવામાં આવેલ યોગક્રિયામાં પણ જોડાયા હતા. તેમજ ધોરણ-૯ના ૧૧૯ કુમાર અને ૬૩ કન્યા મળી કુલ- ૧૮૨ વિદ્યાર્થીઓને અભ્યાસના પુસ્તકો આપીને તેમના હસ્તે પ્રવેશવિધી સંપન્ન કરાવી હતી. આ પ્રસંગે અડાલજ ગામના ડેપ્યુટી સરપંચ શ્રી ઈશ્વરજી ઠાકોર, પૂર્વ સરપંચ શ્રી જયેશ પટેલ, સંસ્થાના નિયામક શ્રી સ્મિતાબેન દવે અને આચાર્ય શ્રી સુરેશભાઈ સહિત શાળા પરિવાર અને શાળના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## સોજા હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવ યોજાયો

ગુજરાત સરકારના અભિગમ-આદેશાનુસાર આજરોજ શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા ખાતે શાળા પ્રવેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સંઘના ગૌરવગાન 'મનુષ્ય તુ બડા મહાન હૈ..' થી સદર કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શાળાના વ્યાયામ શિક્ષક સંજયભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ યોગ નિદર્શનનો સુંદર કાર્યક્રમ પણ આજે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

ગત શૈક્ષણિક વર્ષ દરમિયાન ધો. ૮માં અભ્યાસ કરતા તેજસ્વી તારલાઓ અને નેશનલ મીન્સ મેરીટ સ્કોલરશીપ પ્રાપ્ત કરનારા વિશિષ્ટ સન્માનનીય અધ્યેતાઓને દાતા સોમાજી પ્રહલાદજી ઠાકોર (ગોલથરા) દ્વારા સવિશેષ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ધો. ૯માં પ્રવેશ મેળવનાર ૧૭૫ બાળકોને આવકારી તેઓને પુસ્તક અર્પણ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન ધો. ૯માં પ્રવેશ મેળવનાર પ્રજાપતિ નિલેષ અને પરમાર વનિતાએ કર્યું હતું.



## હત્યા કરીને કેનાલમાં ફેંકી દેવાયેલી યુવતીની હજુ ઓળખ પણ થઈ નથી

### તિક્ષણ હથિયારના ૧૩ જેટલા ઘા મારીને જમીયતપુરા કેનાલમાં યુવતીને ફેંકી દેવાઈ હતી : ત્રણ સપ્તાહ બાદ પણ પોલીસને કોઈ જ કડી મળી નથી

ગાંધીનગર નજીક જમીયતપુરા નર્મદા કેનાલમાંથી ૧૯ મે એ એક યુવતીની કરપીણ હત્યા કરીને ફેંકી દેવાયેલી લાશ મળી આવી હતી. ત્રણ સપ્તાહ થઈ જવા છતા હજુ સુધી તેની ઓળખ પણ થઈ નથી કે પોલીસને હત્યારા સુધી પહોંચવાની કડી પણ મળી નથી. અડાલજ પીઆઈને તપાસ સોંપવામાં આવી છે. જો કે આસપાસના વિસ્તારોમાં ગુમ યુવતીઓની યાદી મેળવવામાં આવી છે પરંતુ હજુ તેની ઓળખ થઈ શકી ન હોવાથી ગાંધીનગર-અમદાવાદ સિવાયના દૂરના કોઈ જિલ્લાની કે બીજા રાજ્યની યુવતી હોય તેવી શક્યતા પ્રબળ બની છે.

જમીયતપુરા નર્મદા કેનાલમાંથી આશરે ત્રીસેક વર્ષની ઉંમરની યુવતીનો મૃતદેહ ૧૯ મે એ મળી આવ્યો હતો. શરીરે ૧૩ જેટલા તિક્ષણ હથિયારના ઘા અને હોઠ નીચે ડીસમીસ જેવા હથિયારના ઘાના નીશાન મળી આવતા અડાલજ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આસપાસના ગ્રામજનોના નિવેદનો લઈ તેની ઓળખ માટે ગતિવિધિ તેજ કરી હતી. અઠવાડીયુ થયુ છતા કોઈ પરિવારજનોના સગડ ન મળતા મૃતદેહનો નિકાલ કરી દેવામાં આવ્યો. યુવતીની ઓળખ માટે આસપાસના જિલ્લાની પોલીસને જાણ કરી ગુમ યુવતીઓની યાદી અને ફોટો મેળવી તે રીતે પણ તપાસ કરી પરંતુ ઓળખ થઈ શકી નથી. તો બીજી તરફ તેની ઓળખ ન થતા હત્યારા સુધી પહોંચવાનુ પગેરૂ મેળવવામાં પણ પોલીસ નિષ્ફળ જઈ રહી છે. યુવતી દૂરના જિલ્લાની કે અન્ય રાજ્યની હોવાની શંકા પણ પ્રબળ બની છે. પોલીસે તે દિશામાં પણ તપાસ આરંભી છે.




શહેરના ચ-માર્ગ પર ચ-૨ સર્કલ નજીક આજે વહેલી સવારે અમૂલ ડેરીનુ દૂધ ભરેલુ ટેન્કર નં.જીજે. ૧૮.યુ.૬૦૨૨ ઝાડ સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. ચાલક સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા આ ઘટના બની હતી. સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. અકસ્માત થતા ચ-માર્ગ પર ટ્રાફિકજામની પરિસ્થિતિ ઉભી થવા પામી હતી. જે ઘટનાની તસવીરમાં સ્પષ્ટ થાય છે.

## સે. ૧૯ જીમખાના ખાતે શરીર સંતુલન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૮
આપણી ખોટી રીતે સુવા, બેસવા ઉભા રહેવાની ટેવોના કારણે શરીરનું સંતુલન બગડે છે અને લાંબે ગાળે અનેક પ્રકારની બિમારીનો ભોગ બનાય છે. ગાંધીનગરના સેક્ટર-૧૯ જીમખાના ખાતે તા. ૧૦ અને ૧૧મી જૂનના રોજ સવારે ૧૦ થી ૫ કલાક દરમ્યાન શરીર સંતુલન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પ્રશિક્ષક અશોકભાઈ કનોજીયા દ્વારા વ્યક્તિગત તપાસ કરી જરૂરિયાત મુજબ વિવિધ કસરતોનું સૂચન કરવામાં આવશે.

શરીર સંતુલન શિબિરમાં દર્દીઓને સૂવા, બેસવા તથા ઉભા રહેવા માટેની તાલીમ આપવામાં આવશે. જેના કારણે ફરીથી સ્વસ્થ નિરોગી જીવન જીવી શકાય. આ શિબિરમાં ભાગ લેવાથી વજન વધતુ અટકવુ, સાંધના દુઃખાવા, સાંધાની ગાદી ઘસાઈ જવી, કરોડરજ્જૂના દર્દો, ઘૂંટણના દુઃખાવા, વગેરે અંગે જરૂરી માર્ગદર્શન અપાશે.

## વિજ્ઞાન પ્રવાહની ઉત્તરવહી અવલોકન પ્રક્રિયા

ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, વિજ્ઞાનપ્રવાહ, સેમેસ્ટર-૪, માર્ચ-૨૦૧૭ની ઉત્તરવહીઓના રૂબરૂ અવલોકન માટે જે વિદ્યાર્થીઓએ અરજી કરેલ છે. તેવા વિદ્યાર્થીઓ માટે ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા તા. ૧૩-૬-૨૦૧૭ અને તા. ૧૪-૬-૨૦૧૭ સુધી રાખવામાં આવેલ છે. ઉત્તરવહી અવલોકન માટે અરજી કરનાર ઉમેદવારોને ઉત્તરવહી અવલોકન માટેનો સમય તારીખ દર્શાવતા કોલ-લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવેલ છે. તેમજ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ avlokan.gseb.org અથવા www.gseb.org પર ઉમેદવાર પોતાનો બેઠક નંબર તથા અરજીમાં રજીસ્ટર કરેલ મોબાઈલ નંબર લખી કોલ-લેટર ઓનલાઈન મેળવી શકશે.

**નિવિદા નં.૭ સને ૨૦૧૭-૧૮**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન ધરાવનાર તથા પોતાની સંસ્થાનું ગુમાસ્તા ધારાનું રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવી રસ ધરાવનાર અનુભવી એજન્સીઓ પાસેથી નિયત ભાવપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રક અત્રેની કચેરીમાં રૂ. ૨૦૦/- ભરેથી તા. ૧૭/૬/૧૭ (૧૮:૦૦ કલાક) સુધી આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૨૩/૬/૧૭ સુધી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૨૭/૬/૧૭ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

| કામનું નામ |
| --- |
| જી.એસ.આર.ડી.સી ગાંધીનગરની કચેરી ખાતે બ્લેક એન્ડ વ્હાઈટ / કલર ઝેરોક્ષ, કલર લેઝર પ્રીન્ટ, બાઈન્ડીંગની કામગીરી માટે વાર્ષિક ભાવ મંગાવવામાં બાબત. |

જનરલ મેનેજર (પ્રોજેક્ટ)
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
ભોંયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫ ● www.gsrdc.com
માહિતી/૬૯૯/૧૭-૧૮